અપીલ અરજી નં.૪૩૨ તા.૮–૩–૧૦

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિ તી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૩–૨–૧૦ ની અરજીથી તા.૧૫–૨–૧૦ ની અરજીના અનુસંધાને શું શું કાર્યવાહી થઈ છે? તેની તથા કાર્યવાહી ન થઈ હોય તો તેના ઠોસ કારણો પરીબળો તથા જે તે જવાબદાર અધિકારીઓના નામ સહિતની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૮–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૩૨/૨૦૦૯–૧૦

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૩–૨–૧૦ ની અરજીથી તા.૧૫–૨–૧૦ ની અરજીના અનુસંધાને શું શું કાર્યવાહી થઈ છે? તેની તથા કાર્યવાહી ન થઈ હોય તો તેના ઠોસ કારણો પરીબળો તથા જે તે જવાબદાર અધિકારીઓના નામ સહિતની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક/૧૨૪ તા.૪–૩–૧૦ થી આપેલ માહિતી ખોટી અને અધુરી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૫૮ તા.૧૬–૩–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિ તી અધિકારી (ઉધનાઝોન)ને પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૧૮૦ તા.૩૦–૩–૧૦ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારની તા.૧૫–૨–૧૦ ની કરેલ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.સા.ઝોન/ટેક./૧૨૪ તા.૪–૩–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૨૩–૨–૧૦ ની અરજીથી તા.૧૫–૨–૧૦ ની અરજીના અનુસંધાને શું શું કાર્યવાહી થઈ છે? તેની તથા કાર્યવાહી ન થઈ હોય તો તેના ઠોસ કારણો પરીબળો તથા જે તે જવાબદાર અધિકારીઓના નામ સહિતની માહિતી આપવા તથા આશરે ૨૫ બોરીંગો છે તેમાંથી ૩ ની જ માહિતીઆપો છો તો બાકીના બોરીંગોના પ્લોટ નંબર સહિતની અરજી છે તો ગોળ ગોળ જવાબ આપશો નહીં તમામની થયેલ કાર્યવાહી અને ન થઈ હોય તો કારણો પરિબળો અને જાહેર માહિતી અધિકારીઓના નામ ૩ બોરીંગોનો ખોદાણ ચાર્જ લીધેલ છે તો બાકીનાનો કેમ લીધેલ નથી તેની માહિતી માંગવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી "પ્રાઈવેટ બોરીંગવાળાને સુરત મહાનગરપાલિકાના જાહેર રસ્તાઓ ખોદીને ટીપી સ્કીમના રસ્તા સુધી લઈ ડાઈંગ એકમો સુધી પાઈપ લાઈન નાંખવાની પરવાનગી અંગે કચેરીના ઉપલબ્ધ રેકર્ડ મુજબ ૧. રાધિકા પ્રિન્ટર્સ પ્રા.લિ. ૨. મારૂતિ ટેક્ષટાઈલ પ્રા.લિ. તથા કલરટેક્ષ ઈન્ડ. પ્રા.લિ. ને કચેરીએ રૂા.૪,૩૪,૦૧૫/– રસ્તા ખોદાણ ચાર્જ વસુલ લઈ રસ્તા ખોદાણ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે. " તેવી માહિતી અરજદારને પૂરી પાડેલ છે. જે બાબતે અરજદારે તા.૮–૩–૧૦ ના રોજ અપીલ અરજી કરી આપેલ માહિતી પત્ર નં.સા.ઝોન/ટેક./૧૨૪ તા.૪–૩–૧૦ ના નિર્ણયથી નારાજ થઈ જાહેર માહિતી અધિકારીએ બેજવાબદાર અને મોટી વર્ગ ધરાવતા માહિતી માંગતી અરજી વાંચવાની તકલીફ લીધી અને જુઠ્ઠો બેબુનિયાદ અને કોઈ મેળ ન થાય તેવો જવાબ આપવાથી જાહેર માહિતી અધિકારી ધ્વારા અંદર ગ્રાઉન્ડ પાઈપ લાઈન ધ્વારા પ્રાઈવેટ સંસ્થાઓના પાણી સ પ્લાય કરી કરોડો રૂપિયાનો ગેરકાયદેસર ધંધો કરે છે? અથવા ધંધો કરનારને પ્રોત્સાહન પુરું પાડી ગેરકાયદેસરથી ધંધો કરનારને સપોત કરી પોતાના હોદ્દાનો દુર ઉપયોગ કરી ખોટી અને અધૂરી માહિતી આપવાથી તેવો આ હોદ્દાને લાયક નથી તેથી તેમની તમામ કામગીરી તપાસ કરવામાં આવે તો મહાનગરપાલિકાને ઘણા કૌંભાડો જાણવા મળે તેમ છે. માંગેલ પુરી માહિતી આપવી ખોટી અધૂરી માહિતી માટે દંડ માટેની ભલામણ કરવી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જાહેર માહિતી અધિકારીએ અરજી બાબતે કરેલી કાર્યવાહીની કોઈ વિગતો જણાવેલ નથી. તથા અરજદારે અપીલમાં તપાસ બાબતે સક્ષમ સત્તાને અલાયદી અરજી કરી રજૂઆત કરી શકે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૩–૨–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી અન્ય જણાવેલ વિગતે જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી તથા અરજદારની અરજી બાબતે થયેલ કાર્યવાહીની હકીકતલક્ષી માહિતી પૂરી પાડવા આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા તથા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ને જણાવવામાં આવે છે.

અરજદારે અપીલ અરજીમાં તપાસ બાબતેની કાર્યવાહીને લગતી અરજી અંગે સક્ષમ સત્તાને અલાયદી અરજી કરવા સ્વતંત્ર છે. વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ દંડ અંગેની રજૂઆત બાબતે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગને છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,